પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર
પૂન: સ્થાપન યોજના.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૯૭/ન.બા.૩૩/ગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :–૪/૯/૨૦૦૨

વંચાણમાં લીધો:–

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯–૧૨–૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૯૭/ન.બા.૩૩/ગ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯–૬–૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૨૦૦૦/મં.૨૬૦/ગ
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭–૮–૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૦૧/૧૫૨૬/ગ

<u>ઠરાવ</u>:–

આમુખમાં દર્શાવેલા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯ – ૧૨–૨૦૦૦ ના ઠરાવથી સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃ સ્થાપન માટે પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃ સ્થાપન યોજના અમલમાં મૂકવામાં આવેલી છે. તે ઠરાવની જોગવાઈ ને અન્વયે આ યોજનાનો અમલ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમે, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડના પરામર્શમાં રહીને કરવાનો રહેતો હતો. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૯–૬–૨૦૦૧ ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડનું ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ તરીકે સ્વતંત્ર નિગમમાં રૂપાંતર કરવામાં આવેલું છે. આમુખમાં દર્શાવેલ તા.૨૭–૮–૨૦૦૧ ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના નિયામક મંડળની રચના કરવામાં આવેલી છે. આ સંજોગોમાં પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃ સ્થાપન યોજનાનો અમલ નીચે મુજબ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. આ યોજનાનો અમલ હવે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને બદલે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમે કરવાનો રહેશે અને આ યોજનાના અમલની સંપૂર્ણ જવાબદારી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની રહેશે.

૨. આ યોજના હેઠળ લોન,સબસીડી, માર્જીન મની, વિગેરેની ચૂકવણી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને બદલે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમે કરવાની રહેશે અને ગુજરાત અનુસૂચિતજાતિ વિકાસ નિગમને હવાલે મૂકેલ નાણાં ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના હવાલે મુકવાનાં રહેશે.

૩. આમુખમાં દર્શાવેલ તા.૯–૧૨–૨૦૦૦ના ઠરાવના ફકરા–૬ અન્વયે મંજૂર કરવામાં આવેલ મહેકમ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ હેઠળ તબદીલ થયેલ ગણવાનું રહેશે અને ભાડેથી રાખવાના બે વાહનો ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ હસ્તક ભાડે રાખવાનાં રહેશે.

૪. ઉપર દર્શાવેલ તા.૯–૧૨–૨૦૦૦ ના ઠરાવના ફકરા–૭ ના પેટા ફકરા (૩) હેઠળ રચવામાં આવેલી સલાહકાર સમિતિમાંથી મેનેજીંગ ડીરેકટર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનું નામ રદ કરવામાં આવે છે અને સમિતિના સભ્ય–સચિવ તરીકે મેનેજીંગ ડીરેકટર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની નિમણુંક કરવામાં આવે છે.

૫. ઉપર દર્શાવેલ તા.૯–૧૨–૨૦૦૦ ના ઠરાવ ફકરા–૧૧ હેઠળ રચવામાં આવેલી લાભાર્થી પસંદગી સમિતિના કન્વીનર તરીકે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના જીલ્લા મેનેજરને બદલે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના મદદનીશ જિલ્લા મેનેજરની નિમણુંક કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમણ આર્ય)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર (પત્રથી)
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી.સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર

સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ,સચિવાલય, ગાંધીનગર
માન.વિરોધ પક્ષના નેતાશ્રી,વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય,ગુજરાત વિધાનસભા
સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
અગ્ર સચિવશ્રી (ગ્રામ વિકાસ),પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
સચિવશ્રી (પંચાયત), પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણાકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
અધ્યક્ષશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ,ગાંધીનગર.
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, જુના સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિતજાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિતજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
સર્વે કલેકટરશ્રી,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રીઓ,
સર્વે નગર પાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ( નિયામકશ્રી, નગરપાલિકાઓ મારફતે)
સર્વે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)
સર્વે જિલ્લા જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત અનુસૂચિતજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
સર્વે જિલ્લા મદદનીશ જિલ્લા મેનેજર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સર્વે શાખા.(ગ–શાખા સિવાય),
સિલેકટ ફાઈલ.

૧૦૪જી